ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર , ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

Department of Science & Technology
Government of Gujarat

Phone : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં પ્રકાશિત કરવા વિનંતી.

Date: 13th July, 2020

પ્રતિ,
તંત્રી શ્રી,
.....,
ભાવનગર.

બાયનોક્યુલરની મદદથી 'નિઓવાઈસ' ધૂમકેતુ નિહાળી શકાશે.

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોક ભોગ્ય બનાવવા હેતું કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત GUJCOST માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

અવકાશ અને આકાશ બંને માં રહેલો તફાવત સમજવો ખુબ જ જરૂરી છે, આકાશમાં બનતી ઘટનાઓને નજર સમક્ષ નિહાળી શકાય છે. પરંતુ અવકાશમાં સતત થતા પરિવર્તનો પૈકી અમુક ઘટનાઓ કે જે પૃથ્વીથી નજીકના અંતરે રચાય એ જ આપણી આંખો જોઈ શકે છે. થોડા વધારે અંતર માટે આપણે ટેલીસ્કોપની મદદ લઈને અદભૂત-રહસ્યમય અને રોમાંચક ઘટનાઓના સાક્ષી બની શક્યાં છીએ. જે માટે લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા સંચાલિત ભાવનગર એસ્ટ્રોનોમી ક્લબ એ આવી ખગોળીય ઘટનાઓના લોકો સાક્ષી બને એ માટે સતત કાર્યરત રહ્યું છે.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરનાં કોઓર્ડીનેટર શ્રી હર્ષદભાઈ જોષી દ્વારા જણાવેલ કે, હાલના સમયમાં આપણા અવકાશમાં જોવા મળનાર રસપ્રદ ખગોળીય ઘટના એટલે હજારો વર્ષ પછી જોવા મળનાર 'C/2020 F3' જે 'નિઓવાઈસ' ધૂમકેતુના નામથી ઓળખાય છે. જે ૨૦૨૦ પછી વર્ષ ૮૭૮૬માં જોઈ શકાશે. અલબત, ત્યાં સુધીમાં બીજા ઘણા ધૂમકેતુઓ પૃથ્વીની નજીકથી પસાર થઈ શકે છે. પરંતુ આ ધૂમકેતુને નિહાળવો એ પણ એક લહાવો છે. જે ૧૨ જુલાઈથી ઓગસ્ટ માસ સુધી ઉતર ગોળાર્ધમાં આવેલા દેશો દ્વારા જોઈ શકાશે.

નિઓવાઈસ' ધૂમકેતુ સૂર્યથી ૪૪ મિલિયન કિમી નજીકથી પસાર થઇ ચુક્યો છે, જે બુધ ગ્રહથી સૂર્યનું અંતર કરતા પણ ઓછું છે. ૧૧ જુલાઈએ તે અવકાશમાં મહતમ ઉચાઈએ જોવા મળશે. હાલ તે પૃથ્વીથી ૨૦૦ મિલિયન કિમી દુર છે. પરંતુ, ૨૨-૨૩ જુલાઈએ તે પૃથ્વીની સૌથી વધુ નજીક એટલે કે ૧૦૦ મિલિયન કિમી અંતરે હશે. જો કે, આ અંતર પૃથ્વીથી ચંદ્ર સુધીના અંતર કરતાં ૨૦૦ ગણું વધારે છે, છતાં પણ જુલાઈ માસમાં સુર્યાસ્ત પછી એ ક્ષિતિજની નજીક આવી રહ્યો હોવાથી જોઈ શકાશે. આ ધૂમકેતુને બાયનોક્યુલરની મદદથી નિહાળી શકાશે. જો આકાશમાં વાદળો અને પ્રદુષણ નહિ હોય, સ્વચ્છ હશે તો નરી આંખે પણ નિહાળી શકાશે.

હાલના કોરોના મહામારીના સમયમાં ભાવનગર એસ્ટ્રોનોમી ક્લબ દ્વારા આવી જ અદ્ભુત ખગોળીય ઘટનાઓ વિષે વિશેષ માહિતી ભવિષ્યમાં મળતી રહેશે. જેથી તેઓ ઘરે રહીને પણ પોતાનો ખગોળીય ક્ષેત્રમાં રસ જાળવી શકે.

(કોમ્પ્યુટર દ્વારા મુકવામાં આવેલ સહી.)

(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.

https://www.facebook.com/krcsc.bhavnagar https://twitter.com/KalyanRCSC
https://in.linkedin.com/pub/kalyan-regional-community-science-center/a3/a44/875